Seat No.: | | | | | | | |

Sl. No. : 101291

# 058(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 54 પ્રશ્નો છે.**
2) **બધાજ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.**
3) **પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.**
4) **પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.**
5) **નવો વિભાગ નવા પાના પર લખવો.**

## વિભાગ - A

■ **નીચે આપેલા પ્રશ્ન નં. 1 થી 15 બહુવિકલ્પ પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે.** **[15]**

1) એરેબિયન નાઈટ્સની જાદુઈ નગરી કઈ હતી ?
   (A) બેબિલોન
   (B) બગદાદ
   (C) એથેન્સ
   (D) રોમ

2) ટેલિફોનનાં શોધક કોણ હતા ?
   (A) મોર્સ
   (B) ગ્રેહમ બેલ
   (C) ડૉ. વિક્રમ સારાભાઈ
   (D) ડૉ. હોમી બાબા

3) ઇન્ટરનેટ કોને જોડતું કરોળિયાનું વિશ્વવ્યાપી જાળું છે ?
   (A) ફેક્સ
   (B) કમ્પ્યુટર
   (C) ટેલિવિઝન
   (D) ટેલિફોન

4) સર્વેક્ષણનો સાદો અર્થ જણાવો.

(A) તપાસ

(B) આયોજન

(C) નમૂનો

(D) યોજના

5) જે માહિતી આંકડામાં રજૂ કરી શકાય છે. તે......

(A) સંખ્યાત્મક

(B) ગુણાત્મક

(C) આંકડાકીય

(D) આંકડાશાસ્ત્ર

6) પ્રશ્નાવલિ કેવી છે ?

(A) લેખિત

(B) અલેખિત

(C) છાપેલ

(D) મર્યાદિત

7) ગાંધીજીના ગુરૂ કોણ હતા ?

(A) ટોલ્સટોય

(B) થોરો

(C) વિનોબા ભાવે

(D) મહાદેવ ગોવિંદ

8) ભારતમાં ગાંધીજીએ કેટલીવાર ઉપવાસો કર્યા ?

(A) 19

(B) 10

(C) 18

(D) 15

9) ભારતમાં સ્ત્રીઓનો માનભર્યો દરજ્જો ક્યારે હતો ?

(A) ભાગવત કાળ

(B) બાહ્ય કાળ

(C) ઋગ્વેદ કાળ

(D) રામાયણ કાળ

10) ચીને સમાજવાદી અર્થતંત્રનો ક્યારે ત્યાગ કર્યો ?

(A) 1987

(B) 1977

(C) 1979

(D) 1980

11) દેશમાં કેટલી ઉંમર સુધીના બાળકોને મફત શિક્ષણ આપવામાં આવે છે ?

(A) 24 વર્ષ

(B) 10 વર્ષ

(C) 12 વર્ષ

(D) 14 વર્ષ

12) બોસ્ટન નામનું બંદરીય શહેર ક્યાં આવેલું છે ?

(A) અમેરિકા

(B) ઇંગ્લેન્ડ

(C) રશિયા

(D) જર્મની

13) પ્રાચીન યુરોપમાં લોકશાહી નગર રાજ્ય કયું હતું ?

(A) રોમ

(B) જર્મની

(C) એથેન્સ

(D) લંડન

14) રવિ બાબુના ભાઈનું નામ શું હતું ?

(A) સત્યેન્દ્રનાથ

(B) નરેન્દ્રનાથ

(C) ગોપીનાથ

(D) રવીન્દ્ર

15) વાયુનું કયું સ્તર જીવનનું કુદરતી રક્ષા કવચ છે ?

(A) ઓઝોન

(B) હાઇડ્રોજન

(C) નાઇટ્રોજન

(D) કાર્બન

## વિભાગ - B

■ **નીચે આપેલા પ્રશ્ન નં. 16 થી 30 અતિ ટૂંક જવાબી પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો 1 ગુણ છે .** **[15]**

16) ભગવાન ઈશુનો જન્મ ક્યા થયો હતો ?

17) હેલિકોપ્ટરમાં કેટલા માણસો બેસી શકે છે ?

18) વૈવાહિત દરજ્જા બાબત સ્ત્રીઓની કઈ - કઈ ચાર સ્થિતિ હોઈ શકે ?

19) નિરીક્ષણ પ્રયુક્તિના પ્રકાર લખો.

20) કાણોદર શાના માટે જાણીતું છે ?

21) યંત્રની મર્યાદા વિશે ગાંધીજીએ શું કહ્યું છે ?

22) ગાંધીજીના મતે સાચો ધર્મ કયો છે ?

23) અપહરણ એટલે શું ?

24) પરિવર્તન કેવી પ્રક્રિયા છે ?

25) રૂસોએ લખેલા ગ્રંથનું નામ જણાવો.

26) લેનિન કોણ હતા ?

27) પોરબંદરનું જૂનું નામ શું હતું ?

28) "અન્ટુ ધિસ લાસ્ટ" પુસ્તકના લેખક કોણ હતા ?

29) કસ્તૂરબા કોણ હતા ?

30) માણસ ધરતીનું પેટાળ શા માટે ખોદે છે ?

## વિભાગ - C

■ **નીચે આપેલા પ્રશ્ન નંબર 31 થી 42 ટૂંક જવાબી પ્રશ્નો છે. દરેકના 2 ગુણ છે.** **[24]**

31) પરગેટરી વિશે તમે શું જાણો છો ?

32) કમ્પ્યૂટરની માનવ રોજગારી અંગે યાસીન દલાલના વિચારો જણાવો.

33) નિરીક્ષણ પ્રયુક્તિના બે પ્રકારો જણાવો.

34) આપણો દેશ કાપડ ઉદ્યોગ માટે જાણીતો છે, સમજાવો.

35) કિસાનોમાં જો સરકારી ખેતીની પ્રથા દાખલ થાય તો કેવા કેવા ફાયદા થાય તે જણાવો.

36) 1947 માં "હિન્દી રાષ્ટ્રીય મજૂર કોંગ્રેસ"ની સ્થાપનાથી શું પરિણામ આવ્યું ?

37) સામાજિક સમસ્યાઓના ઉકેલમાં કેવા લોકો અવરોધ ઉભા કરે છે ?

38) ધંધાદારીઓના મંડળો એટલે શું ? ઉદાહરણ આપો.

39) થોરોની ધરપકડ શા માટે થઈ હતી ?

40) મહાત્મા ગાંધીએ લંડન જતા પહેલા કઈ - કઈ પ્રતિજ્ઞાઓ લીધી ?

**અથવા**

ટોલ્સરોયનું લગ્નજીવન કેવું હતું ?

41) હવે ખેડૂતો સજીવ ખેતી તરફ આકર્ષાયા છે ?

**અથવા**

તેજાબી વર્ષા શાને કારણે થાય છે ?

42) વર્લ્ડ વાઈલ્ડ લાઈફ કયા હેતુઓ સાથે શરૂ થઈ ?

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્ન નં. 43 થી 49 સુધીના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [21]

43) સામંતશાહી કેવી વ્યવસ્થા હતી ?

44) મુલાકાત પદ્ધતિના ત્રણ ફાયદા જણાવો.

**અથવા**

સર્વેક્ષણના પગથિયા જણાવો.

45) "ભારત છોડો આંદોલન" વિશે ટૂંકનોંધ લખો.

46) વેદો - ઉપનિષદોના સમયમાં સમાજમાં સ્ત્રીઓનું સ્થાન કેવું હતું ?

**અથવા**

ભારત કયા અર્થમાં એક ઉપખંડ છે ?

47) વૈશ્વિકીકરણ વિશે જણાવો.

**અથવા**

માનવશ્રમ વિશે ટૂંકનોંધ લખો.

48) સોક્રેટીસની ભણાવવાની પદ્ધતિ કેવી હતી ?

49) ગાંધીજીએ અંગ્રેજ સરકાર સામે લડતના કયા - કયા રચનાત્મક કાર્યક્રમો આપ્યા ?

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્ન નંબર 50 થી 54 ના મુદ્દાસર ઉત્તર આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

50) સંચાર માધ્યમોની ક્રાંતિની સમાજ જીવન ઉપર થયેલી અસરો સમજાવો.

**અથવા**

કમ્પ્યુટરની અગત્યની લાક્ષણિકતાઓ વિશે જણાવો.

51) માટી ઉદ્યોગ વિશે ટૂંક નોંધ લખો.

**અથવા**

યુનો તરફથી વિશ્વ પરિષદમાં રજુ થયેલ વિગતો આપો.

52) ભારતમાં આર્થિક પરિવર્તનની શી આવશ્યકતા હતી ?

53) ઉપભોક્તાવાદનાં દુષ્ટ પરિણામો જણાવો.

54) આધુનિક ખેતીની કઈ મર્યાદાઓ છતી થઈ છે ?

◆◆◆